# પરમ વંદનીયા માતાજીનો - અંતિમ સંદેશ



જે ચરણોમાં પોતાની જાતને સમર્પિત કરી, તેમના વગરનું જીવન એક-એક ક્ષણ પહાડની જેમ વિતી રહ્યું છે. જે દિવસથી તેમની પાસે આવી, તે દિવસનો પહેલો પાઠ હતો-પીડિત માનવતાની સેવા અને દેવસંસ્કૃતિનું પુનરૂત્થાન તેના માટે પોતાની જાતને ઓતપ્રોત કરી દીધી. જો કે આ એક અસહ્ય વેદના હતી, છતાં મહાપ્રયાણ પહેલા પરમ પૂજ્ય ગુરુદેવની આજ્ઞા હતી-પોતાના તે બાળકોની આંગળી પકડી તેમને મિશનની સેવાના માર્ગ પર સફળતા પૂર્વક આગળ વધારવા જેમણે આવતા દિવસોમાં જવાબદારી સંભાળવાની છે. ગત ચાર વર્ષોમાં મિશન જે ગતિથી આગળ વધ્યું છે. તે દરેકની સામે છે. હું જોઈ રહી છું- આગળનું ભવિષ્ય તો એટલું ઉજ્જવળ છે કે જે ને કલ્પનાતીત અને ચમત્કાર કહી શકાય. તેના માટે જે પુરુષાર્થની આવશ્યક્તા છે, અમારા બાળકો તેમાં પૂર્ણ રૂપે પ્રશિક્ષિત થઈ ગયા છે.

શરીર યાત્રા હવે કઠીન થઈ રહી છે. તેમના ગયા પછી આજ સુધી એક ક્ષણ એવી નથી વીતી કે તેઓ આંખોથી દૂર થયા હોય. પરમ પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તથા કારણ સત્તા વિલિન થઈ અમે અમારા આત્મીય કુટુંબીઓને અધિક સ્નેહ પ્યાર આપીશું. તેમની સુખ સમૃદ્ધિઓમાં અધિક સહાયક બનીશું.

અમારું કાર્ય હવે સારથીનું હશે. દુષ્પ્રવૃત્તિઓ સાથે મહાભારતનો મોરચો હવે પૂર્ણ રૂપે અમારા કર્તવ્યનિષ્ઠ બાળકો સંભાળશે. દરેક ક્રિયા કલાપો ન કેવળ પહેલાની જેમ જ સંપન્ન થશે, પરંતુ વિશ્વનાં પાંચ અબજ લોકોના ચિંતન, વ્યવહાર, દ્રષ્ટિકોણમાં પરિવર્તન અને માનવીય સંવેદનાની રક્ષા માટે હજી પણ વધુ તત્પર થઈ કાર્ય કરીશું. આપણે ત્યાં સુધી રોકાઈશું નહીં, જ્યાં સુધી ધરતી ઉપર સ્વર્ગ અને મનુષ્યમાં દેવત્વનો અભ્યુદય સ્પષ્ટ રૂપે દ્રષ્ટિગોચર થવા ન લાગે.